**મે.ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી,W/Cs**
**(વોટર પ્રોડકશન)**

**વિષયઃ-** માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ નં.૪(ખ) મુજબ વોટર પ્રોડકશન ખાતાના પ્રો-એકટીવ ડિસ્કલોઝર બાબત.

તા.૧૨/૧૦/૨૦૦૫ થી રાજયમાં અમલી બનેલ માહિતી અધિકારનો અધિનિયમ-૨૦૦૫ ની કલમ નં.૪(ખ) મુજબ તમામ જાહેર સત્તા મંડળોએ ખાતાઓના પ્રોએકટીવ ડિસ્કલોઝર તૈયાર કરી વેબસાઇટ ઉપર મુકવા સંબધિત વોટર પ્રોડકશન ખાતાનું અપડેટેડ પ્રોએકટીવ ડિસ્કલોઝર તા.૦૧/૦૫/૨૦૨૦ ની સ્થિતિએ તૈયાર કરેલ છે. સદર અપડેટ કરેલ પ્રોએકટીવ ડિસ્કલોઝર આ સાથે સામેલ કરેલ છે. આપશ્રીને વિદીત થાય કે વોટર પ્રોડકશન ખાતાના પ્રોએકટીવ ડિસ્કલોઝરની સંબધિત માહિતી આર.ટી.આઇ.સેલ ખાતે મોકલવા તથા વેબસાઇટ ઉપર મુકવા આપશ્રીની મંજુરી આપવા વિનંતી છે.

**એડી.ચીફ એન્જીનિયર**
**(વોટર પ્રોડકશન)**

**એડી.સીટી એન્જીનિયર**
**(હાઉસિંગ પ્રોજેકટ)**

**ડે.મ્યુનિ.કમિશ્નર**
**(વોટર પ્રોડકશન)**



This document was created using SOLID CONVERTER PDF
To remove this message, purchase the product at www.SolidDocuments.com

**મે.ડે.મ્યુનિ. કમિશનરશ્રી, (RTI)**

**વિષયઃ-** વોટર પ્રોડકશન ખાતાનું પ્રો-એકટીવ ડિસ્કલોઝર અધતન કર્યાનું પ્રમાણ પત્ર.

તા.૧૨/૧૦/૨૦૦૫ થી રાજયમાં અમલી બનેલ માહિતી અધિકારનો અધિનિયમ-૨૦૦૫ ની કલમ નં.૪(અ) મુજબ તમામ જાહેર સત્તા મંડળોએ ખાતાઓના પ્રો-એકટીવ ડિસ્કલોઝર તૈયાર કરી વેબસા ઈટ ઉપર મુકવા સંબધિત સરક્યુલર નં ૦૧ વર્ષ ૨૦૨૦-૨૧ મુજબ વોટર પ્રોડકશન ખાતાનું અપડેટેડ પ્રોએકટીવ ડિસ્કલોઝર તૈયાર કરેલ છે. જે આ સાથે સામેલ કરેલ છે. સદર પ્રોએકટીવ ડિસ્કલોઝર તા.૦૧/૦૫/૨૦૨૦ ની સ્થિતિએ અપડેટ કરીને મે.ડે.મ્યુનિ.કમિ.શ્રી ની મંજુરી મેળવવામાં આવેલ છે. સદર પ્રો-એકટીવ ડિસ્કલોઝર અધતન કરેલ છે.જે જાણમાં લેવા વિનંતી.

**જાહેર માહિતી અધિકારીશ્રી**

**વોટર પ્રોડકશન**



This document was created using SOLID CONVERTER PDF To remove this message, purchase the product at www.SolidDocuments.com

## PROACTIVE DISCLOSURE OF

# WATER PRODUCTION DEPARTMENT

**U/S 4(1) OF THE RIGHT TO INFORMATION ACT, 2005.**

**UPDATED PROACTIVE DISCLOSURE**
**DT. 01/05/2020**

## -: Ahmedabad Municipal Corporation :-

**Water Production Department,**
**Dudheshwar Water Works,**
**Dudheshwar Road,**
**Shahibaugh**
**Ahmedabad – 380 004**



This document was created using SOLID CONVERTER PDF
To remove this message, purchase the product at www.SolidDocuments.com

# WATER PRODUCTION DEPARTMENT

## AHMEDABAD MUNICIPAL CORPORATION

Pro Active Discloser under the Right to Information Act-2005(as on 1/5/2020)

### 1. Particulars of organization/functions and duties

**Name of department :** **Water Production**

**Address:-**


**Water Production Department,**
**Dudheshwar Water Works,**
**Dudheshwar Road,**
**Shahibaugh**
**Ahmedabad – 380 004**

### - 2.Powers and duties of officers/employees

| No. | Officer/Employee | Duties |
| --- | --- | --- |
| 1 | Additional Chief Engineer | Inspection & supervision of all works & administrative works etc. |
| 2 | Deputy City Engineer | Supervision of all alloted works, administrative works, partial checking of quality control & measurements etc. |
| 3 | Assistant City Engineer | Supervision of alloted works, Preparing estimate, tendering and 100% checking of measurements & quality assurance of work etc. |
| 4 | Assistant Engineer | Correspondence regarding on going works,checking & recording 100% measurement, maintaining all registers, quality assurance of work etc. |
| 5 | Technical Supervisor | To assist the Assistant Engineer, maintaing all registers, quality assurance of work & all the works assigned by dept. etc. |

This document was created using SOLID CONVERTER PDF To remove this message, purchase the product at www.SolidDocuments.com

# FLOW CHART OF ADMINISTRATIVE STRUCTURE




This document was created using SOLID CONVERTER PDF To remove this message, purchase the product at www.SolidDocuments.com

## માહીતી અધિકાર નિયમ-૨૦૦૫ અંતગર્ત વોટર પ્રોડકશન ડિપાર્ટમેન્ટની માહીતી

| અ. નં. | વિભાગ /ખાતું | આર.ટી.આઇ અંતગર્ત હોદ્દો | કચેરીનો હોદ્દો | અધિકારીનું નામ | ટેલી. નં./મો. નંબર | એમ્પ્લોઇ નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧ | વોટર પ્રોડકશન | જા.મા. અધિકારી | ઇન્ચાર્જ ડે.સીટી એન્જીનિયર | શ્રી ભરત કે. ગોહિલ | ૯૩૨૮૧૪૮૮૭૪ | ૭૦૦૮૦ |
| | | અપીલ અધિકારી | એડી.ચીફ એન્જીનિયર | શ્રી એમ.એચ.નિનામા | ૯૩૭૪૫૧૪૩૯૧ | ૭૨૯૪૯ |

This document was created using SOLID CONVERTER PDF
To remove this message, purchase the product at www.SolidDocuments.com

## Staff list of class I-II-III of Water Production Department

| Sr. No. | Name of officer | Designation | Phone no. (Office) | Mobile No. |
|---|---|---|---|---|
| 1 | Shri M.H. Ninama | Addl. C.E. | 25620645 | 9374514391 |
| 2 | Shri Bharatbhai Gohil | I/C Dy. C.E. | 25620645 | 9328148874 |
| 3 | Shri Brijesh Dave | A.C.E | 25620645 | 9377578234 |
| 4 | Shri Dwijen Pandya | A.E | 25620645 | 9067655286 |
| 5 | Shri Mayank Desai | A.E | 25620645 | 7574807893 |
| 6 | Shri Nilesh Patel | A.E | 25620645 | 9376973368 |
| 7 | Shri Piyush Solanki | A.E | 25620645 | 9376973378 |
| 8 | Shri Aswin patel | A.E | - | 9426040696 |
| 9 | Shri Manish Bamaniya | A.E | - | 9824983363 |
| 10 | Shrimati Viral N. Patel | T.S. | - | 7069040827 |
| 11 | Shri Nimesh Gajjer | T.S. | - | 7069040826 |
| 12 | Shri Jignesh Prajapati | T.S. | - | 6359600568 |
| 13 | Shrimati Pinakiniben S. Bhagora | T.S. | - | 9099083001 |
| 14 | Shri Chirag Chauhan | T.S. | - | 9099083005 |
| 15 | Shri Chirag Patel | T.S. | - | 9099083003 |

This document was created using SOLID CONVERTER PDF To remove this message, purchase the product at www.SolidDocuments.com

## Annexure-I

## Pay Scale details of Water Production Dept. Staff

| Sr. | Name of officer | Designation | Salary- Grade | Place |
|---|---|---|---|---|
| 1 | Shri M.H. Ninama | Addl.C.E. | 118500-214100 | Water Production |
| 2 | Shri Bharat Kishorbhai Gohil | A.C.E. (I/C Dy.C.E) | 53100-167800 | Water Production |
| 3 | Shri Brijesh P. Dave | A.C.E. | 53100-167800 | KWW |
| 4 | Shri Dwijen A. Pandya | A.E. | 44900-142400 | RWW |
| 5 | Shri Mayank N. Desai | A.E. | 44900-142400 | JWW |
| 6 | Shri Nilesh D. Patel | A.E. | 44900-142400 | KWW |
| 7 | Shri Piyush K. Solanki | A.E. | 44900-142400 | DWW & Frenchwell |
| 8 | Shri Aswin patel | A.E. | 44900-142400 | KWW |
| 9 | Shri Manish Bamaniya | A.E. | 44900-142400 | JWW |
| 10 | Shrimati Viral N. Patel | T.S. | 29200-92300 | DWW& Frenchwell |
| 11 | Shri Nimesh Gajjar | T.S. | 29200-92300 | KWW |
| 12 | Shri Jignesh Prajapati | T.S. | 29200-92300 | RWW |
| 13 | Shrimati Pinakiniben S.Bhagora | T.S. | 29200-92300 | KWW |
| 14 | Shri Chirag K. Chauhan | T.S. | 29200-92300 | KWW |
| 15 | Shri Chirag J. Patel | T.S. | 29200-92300 | JWW |
| 16 | Shri Naresh Thakor | Jr.Clerk | 25500-81100 | DWW |
| 17 | Shri Kumudpuri Goswami | Jr.Clerk | 25500-81100 | DWW |
| 18 | Shri Manabhai B. Ninama | Wiremen | 19000-63200 | DWW |
| 19 | Shri Arvind B. Gameti | Wiremen | 19000-63200 | DWW |
| 20 | Shri Ilyas Chandbhai Malek | Wiremen | 19000-63200 | DWW |
| 21 | Shri Dilipkumar H. Rathwa | Patiwala | 19900-63200 | DWW |
| 22 | Shri Ujmabhai D. Solanki | Patiwala | 19900-63200 | DWW |
| 23 | Shri Ashwin J. Gameti | Patiwala | 19900-63200 | DWW |
| 24 | Shri Nemabhai N. Desai | Patiwala | 19900-63200 | DWW |
| 25 | Shri Dharmeshbhai M. Parmar | Patiwala | 19900-63200 | DWW |
| 26 | Shri Bharatkumar G. Pandor | Asst. Wiremen | 18000-56900 | DWW |
| 27 | Shri Hanif Alimiya | Cleaner | 15700-50000 | DWW |
| 28 | Shri Rajesh D.Patel | Cleaner | 15700-50000 | DWW |
| 29 | Shri Ramanbhai K. Damor | Cleaner | 15700-50000 | DWW |
| 30 | Shri Sureshbhai B. Ninama | Cleaner | 15700-50000 | DWW |
| 31 | Shri Dipak T. Patel | Cleaner | 15700-50000 | DWW |
| 32 | Shri Shankarbhai M. Rana | Cleaner | 15700-50000 | DWW |
| 33 | Shri Darsansingh G. Shikh | Cleaner | 15700-50000 | DWW |
| 34 | Shri Shivshankar K. Upadhyay | Cleaner | 15700-50000 | DWW |
| 35 | Shri Galabhai K. Vegada | Cleaner | 15700-50000 | DWW |
| 36 | Shri kantibhai M. Vegada | Majoor | 15700-50000 | DWW |
| 37 | Shri Satyasen N. Nagbodhi | Majoor | 15000-47600 | DWW |
| 38 | Shri Jashvant N. Vaghela | Majoor | 15700-47600 | DWW |
| 39 | Shri Aehmadhusen M. | Majoor | 15000-47600 | DWW |
| 40 | Shri Rajesh J. Meghiyatar | Majoor | 15000-47600 | DWW |
| 41 | Shri Danjibhai K. Pandor | Majoor | 15000-47600 | DWW |
| 42 | Shri Ramesh H. Parmar | Majoor | 15000-47600 | DWW |

This document was created using SOLID CONVERTER PDF
To remove this message, purchase the product at www.SolidDocuments.com

| | | | | |
|---|---|---|---|---|
| 43 | Shri Mahmadsaid A. shaikh | Majoor | 15000-47600 | DWW |
| 44 | Shri Ramesh N. Chauhan | Majoor | 15000-47600 | DWW |
| 45 | Shri Kantibhai R. Solanki | Majoor | 15000-47600 | Water Project |
| 46 | Shri Arjun R. Vasava | Mali | 15000-47600 | DWW |
| 47 | Smt. Ichchaben D. Solanki | Safai Kamdar | 14800-47100 | DWW |
| 48 | Shri Kalpesh A. Vadodaria | Safai Kamdar | 14800-47100 | DWW |

This document was created using SOLID CONVERTER PDF To remove this message, purchase the product at www.SolidDocuments.com

## □ વોટર પ્રોડક્શન ખાતાની કામગીરી :-

વોટર પ્રોડકશન ખાતા દ્વારા દુધેશ્વર વોટર વર્કસ, કોતરપુર વોટર વર્કસ, જાસપુર વોટર વર્કસ, રાસ્કા વોટર વર્કસ તથા સાબરમતી નદીમાં આવેલ સાત ફ્રેન્ચવેલોની ઇલેક્ટ્રીકલ તેમજ મિકેનીકલ ઓપરેશન અને મેઇન્ટેનન્સની તમામ કામગીરી કરવામાં આવે છે.

વોટર પ્રોડકશન ખાતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં રો-વોટર નર્મદા કેનાલની વિવિધ શખાઓ/શેઢી કેનાલમાંથી બાય ગ્રેવેટી રો-વોટર સમ્પમાં ઇનલેટ બેમાંમેળવવામાં આવે છે.જયાંથી તે સ્ટીલીંગ ચેમ્બરમાં જાય છે.સ્ટીલીંગ ચેમ્બરમાં રો-વોટરની ગુણવત્તા મુજબ એલમ તથા ક્લોરીનનું ડોઝીંગ કરવામાં આવે છે.અને ફ્લેક્ષ મિક્ષરની મદદથી એલમને રો-વોટરમાં બરાબર મિક્ષ કરવામાં આવે છે.ક્લોરીન ડોઝીંગથી રો-વોટરમાં આવતી લીલ,આલ્ગી જેવી બેકટેરીયોલોજીકલ અશુધ્ધિઓનું શુધ્ધીકરણ થાય છે.એલમ ડોઝીંગથી કલેરીફ્લોક્યુલેટરમાં કોએગ્યુલેશનની પ્રક્રિયાથી અશુધ્ધિઓ(ફ્લોકસના સ્વરૂપમાં) એકબીજાને ચોંટીને વજનથી તળીયે બેસીજાય છે. અને શુધ્ધ પાણી ફિલ્ટર ઇનલેટ ચેનલમાં ડાઇવર્ટ થાય છે.સદર કલેરીફ્લોકયુરેટરમાં તળીયે બેસી ગયેલ અશુધ્ધીઓને ડ્રેઇન પ્રોસેસ દ્વારા વેસ્ટ વોટર સમ્પમાં નાંખવામાં આવે છે.વેસ્ટ વોટર સમ્પમાં રહેલ પાણીને રીસાયલ પ્રોસેસ દ્વારા ફરીથી સ્ટીલીંગ ચેમ્બરમાં મોકલવામાં આવે છે.કલેરીફ્લોકયુલેટરના આઉટપુટમાં આવેલ પાણીની ટર્બીડીટી ૧૦ એન.ટી.યુ.કરતા ઓછી હોય છે.તેમજ અશુધ્ધીનું પ્રમાણ પણ ઘણું ઓછું હોય છે.કલેરીફ્લોકયુલેટરના આઉટપુટમાં થી પાણી ફિલ્ટર બેડમાં દાખલ થાય છે જયાં સદર પાણીને રેપીડ સેન્ડ ગ્રેવેટી ફિલ્ટરમાંથી પાસ કરીને ટર્બીડીટી ૨ એન.ટી.યુ.કરતા ઓછી કરી ક્લોરીન કોન્ટેકટ ટેન્કમાં મોકલવામાં આવે છે.સદર ફિલ્ટર બેડસની ફિલ્ટ્રેશન પ્રોસેસ ઇફેકટીવલી થાય તે હેતુથી સદર ફિલ્ટર બેડસને દરરોજ જરૂરીયાત મુજબ બેકવોશની પ્રકિયાથી બેકવોશ કરવામાં આવે છે.સદર બેકવોશ પ્રકિયા દરમિયાન નીકળતું અશુધ્ધીઓવાળુ પાણી વેસ્ટ વોટર સમ્પમાં ઠાલવવામાં ાાવે છે.જયાંથી સદર પાણીને રીસાયકલ કરી શકાય છે.ક્લોરીન કોન્ટેકટ ટેન્કમાં પાણીમાં ક્લોરીન ડોઝીંગ આશરે ૨ પી.પી.એમ.જેટલું કરીને સદર ચોખ્ખું પાણી ક્લીયર વોટર સમ્પમાં ભેગું થાય છે.જયાથી સદર પાણીને જુદી જુદી કેપેસીટીના પંપ મોટર સેટની મદદથી પાણીની પાઇપલાઇનના નેટવર્ક મારફતે ૨૪ x ૭ x ૩૬૫ દરમ્યાન વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનોમાં મોકલવામાં આવે છે.

- □ કોતરપુર ખાતેના ૬૫૦ MLD કેપેસીટીના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા નર્મદા મેઇન કેનાલ માંથી ૨૫૦૦ ની એક અને ૨૦૦૦ ની બે એમ કુલ ૦૩ નંગ ગ્રેવીટી લાઇન મારફતે તેમજ જરૂર પડે સાબરમતી નદીમાં આવેલ ઇનટેક-૧ તથા ઇનટેક-૨ માંથી પંપીગ કરી રો વોટર મેળવીને તેનુ શુધ્ધીકરણ કર્યા બાદ ક્લોરીનેશન કરીને અમદાવાદ શહેરમાં ઇસ્ટર્ન અને વેસ્ટર્ન ટ્રંક લાઇનો દ્વારા રોજનું આશરે ૬૧૫ MLD જેટલું પીવાનું શુધ્ધ પાણી સપ્લાય કરવામાં આવે છે.ઉપરાંત ૨૦૦ MLD ના નવા બનાવેલ પ્લાન્ટ દ્વારા પણ નર્મદા કેનાલમાંથી ગ્રેવીટી લાઇન મારફતે રોજનું આશરે ૨૦૦ MLD જેટલું પીવાનું શુધ્ધ પાણી ટ્રીટમેન્ટ બાદ સપ્લાય કરવામાં આવે છે.

- □ જાસપુર વોટર વર્કસ ખાતેના ૪૦૦ MLD કેપેસીટીના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા નર્મદા મેઇન કેનાલ ની ધોળકા બ્રાંચ કેનાલમાંથી રો વોટર મેળવીને તેનુ શુદ્ધીકરણ કર્યા બાદ ક્લોરીનેશન કરીને અમદાવાદ શહેરનાં પશ્ચિમ વિસ્તારનાં ચાંદખેડા, મોટેરા તથા નવા પશ્ચિમઝોનનાં દરેક વિસ્તારમાં રોજનું આશરે ૩૩૫ થી ૩૪૫ MLD જેટલું પીવાનું શુધ્ધ પાણી સપ્લાય કરવામાં આવે છે.

- □ રાસ્કા વોટર વર્કસ ખાતેના ૨૦૦ MLD કેપેસીટીના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા મહી નદીની શેઢી બ્રાંચ કેનાલમાંથી રો વોટર મેળવીને તેનુ શુદ્ધીકરણ કર્યા બાદ ક્લોરીનેશન કરીને અમદાવાદ શહેરનાં દક્ષિણઝોન તથા પુર્વ ઝોન નવી લીમીટના વિસ્તારમાં રોજનું આશરે ૧૯૫ થી ૨૦૫ MLD જેટલું પીવાનું શુધ્ધ પાણી સપ્લાય કરવામાં આવે છે.

- □ દુધેશ્વર વોટર વર્કસ દ્વારા કોતરપુરથી આવતી વેસ્ટર્ન ટ્રંક લાઇનમાંથી પાણીનો પુરવઠો મેળવીન તેમજ ક્લોરીનેશન કરીને અમદાવાદ શહેરના મધ્યઝોનમાં રોજનું આશરે ૯૦ થી ૧૦૦ MLD પીવાનું શુધ્ધ પાણી સપ્લાય કરવામાં આવે છે.

- □ સાબરમતી નદીમાં આવેલ સાત ફ્રેન્ચવેલો પાણીની કવોલીટીના કારણે બંધ છે.



This document was created using SOLID CONVERTER PDF
To remove this message, purchase the product at www.SolidDocuments.com

This document was created using SOLID CONVERTER PDF To remove this message, purchase the product at www.SolidDocuments.com

# કામગીરીની સમીક્ષા

**વોટર પ્રોડકશન ખાતાના ટેકનીકલ સુપરવાઈઝર, આસી.એન્જીનીયર, આસી.સીટી એન્જી., ડે.સીટી એન્જી. તેમજ એડી.ચીફ એન્જી.શ્રીએ કરવાની થતી ફરજો તથા સત્તાઓ**

## નવા કામનો અંદાજ

કોઈપણ નવા કામની જરૂરીયાત જણાતાં પ્રથમ જે તે સત્તાની વહીવટી અનુમતિ મેળવવામાં આવે છે. જેમાં આસી. ઈજનેર દ્વારા ડેટા કલેકટ કરી, જેની આસી. સીટી ઈજનેરશ્રી દ્વારા ચકાસણી થયા બાદ ડેપ્યુટી સીટી ઈજનેર શ્રી તથા ત્યારબાદ એડીશનલ ચીફ ઈજનેર, સીટી ઈજનેર તથા ડે.મ્યુ.કમિશનર શ્રી મારફતે મે. મ્યુનિ. કમિશનરશ્રી સમક્ષ રજુ કરવામાં આવે છે અને મ્યુનિ. કમિશનર શ્રીની વહીવટી અનુમતિ મેળવ્યા બાદ સક્ષમ સત્તાની મંજુરી અર્થે મુકવામાં આવે છે.

વહીવટી અનુમતિ મળ્યા બાદ આસી.ઈજનેરશ્રી દ્વારા સ્થળ સ્થિતિના માપ લઈને અંદાજ બનાવવામાં આવે છે.જેની આસી. સીટી ઈજનેર તથા ડે.સીટી ઈજનેર શ્રી દ્વારા ચકાસણી કર્યા બાદ એડી.ચીફ ઈજનેર શ્રી સમક્ષ રજુ કરવામાં આવે છે. ત્યારબાદ આ કામ માટે બજેટ તથા કેશફલો પ્રોવિઝન એકા. ખાતામાં મોકલી આપવામાં આવે છે. તેઓ દ્વારા બજેટ પ્રોવિઝન/કેશફલો તથા અન્ય વિગતવાર નોંધણી કરાયા બાદ યોગ્ય સત્તાની મંજુરી માટે રજુ કરવામાં આવે છે.જેની વિગત નીચે મુજબ છે.

૧. જો અંદાજ રૂ.૧૦.૦૦ લાખની મર્યાદામાં હોય તો તેની મંજુરી ડે.મ્યુ.કમિશ્નર શ્રી દ્વારા કરવામાં આવે છે.
૨. જો અંદાજ રૂ.૩૦.૦૦ લાખની મર્યાદામાં હોય તો તેની મંજુરી મ્યુનિ. કમિશ્નરશ્રી ની લેવામાં આવે છે.
૩. જો અંદાજ રૂ.૩૦.૦૦ લાખથી વધુ હોય તો તેની મંજુરી વોટર સપ્લાય અને સુઅરેજ કમિટી મારફતે મ્યુનિ. કોર્પોની માંગવામાં આવે છે. (નાણાં ખાતું પરિપત્ર નં.૫૦ તા.૨૯.૦૯.૨૦૧૮ મુજબ)

આ માટે પ્રથમ દરખાસ્ત તૈયાર કરવામાં આવે છે.જેમાં એડી. ચીફ ઈજનેરશ્રી , સી.ઈ. તથા ડે.મ્યુ.કમિ.મારફતે મ્યુનિ.કમિશનરશ્રીની વહીવટી અનુમતિ મેળવી સદર કામની મંજુરી મેળવવા માટે મ્યુનિ. કમિશનરશ્રીનો પત્ર તૈયાર કરી વોટર સપ્લાય એન્ડ સુઅરેજ કમીટી મારફતે મ્યુનિ. કોર્પોરેશનના અદાજની મંજુરી મેળવવામાં આવે છે.

અંદાજની મંજુરી મળ્યેથી આ કામના ટેન્ડર સ્પેશીફીકેશન તૈયાર કરવામાં આવે છે જેની સંપૂર્ણ ચકાસણી આસી ઈજનેર , આસી.સીટી ઈજનેર, ડે.સીટી ઈજનેરશ્રી તથા એડી.ચીફ ઈજનેર તરફથી કરાયા બાદ ટેન્ડર ઈન્વાઈટ કરવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવે છે.

ટેન્ડર નોટીસ દૈનિક ગુજરાતી પેપરમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે તેમજ મ્યુનિ. કોર્પો.ની વેબસાઈટ www.ahmedabad city.gov.in તથા www.nprocure.com ની વેબસાઈટ ઉપર મુકી પ્રસિધ્ધ કરવામાં આવે છે.જેમાં રસ ધરાવતી પાર્ટી ઓ/કોન્ટ્રાકટર પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે તથા ટેન્ડર ડાઉન લોડ કરવાની તારીખ, ટેન્ડર સ્વીકારવાની તારીખ/ સમય જણાવવામાં આવે છે તથા સબમીટ કેવી રીતે કયાં કયાં કરવાના થાય છે તે પણ જણાવવામાં આવે છે.

ટેન્ડર સ્વીકારાયા બાદ આ ટેન્ડર ખોલવામાં આવે છે. આ ટેન્ડર આસી. મેનેજરશ્રી (પ.વ.એ.) દ્વારા ખોલવામાં આવે છે. અને ડીપાર્ટમેન્ટમાં આગળની કાર્યવાહી માટે મોકલવામાં આવે છે. તેઓ દ્વારા આવેલ ટેન્ડરોની ચકાસણી કરવામાં આવે છે. તેમજ અર્નેસ્ટ મની ભરેલી છે કે કેમ ? કોઇ શરત લખેલ છે કે કેમ? તે જોવામાં આવે છે.

This document was created using SOLID CONVERTER PDF To remove this message, purchase the product at www.SolidDocuments.com

લોએસ્ટ ટેન્ડરના ભાવોની એસ.ઓ.આર. તથા પ્રવર્તમાન બજારભાવ સાથે સરખામણી કરીને વ્યાજબી ભાવના ટેન્ડરને યોગ્ય સત્તાની મંજુરી માટે રજુ કરવામાં આવે છે.

જો ટેન્ડર રૂા.૨,૦૦,૦૦૦/- કરતાં વધુ રકમનું હોય તો તેની વધુ ચકાસણી માટે ટેન્ડર સ્ક્રુટીની કમિટીમાં રજુ કરવામાં આવે છે. ટેન્ડર સ્ક્રુટીની કમિટીમાં ડે. મ્યુનિ. કમિશનરશ્રી તથા એડી.સીટી ઈજનેરશ્રી સદસ્ય હોય છે તથા પ્લાનીંગ ઓફીસરશ્રીની હાજરીમાં રજુ કરવામાં આવેલ ટેન્ડરની ચકાસણી/ ચર્ચા વિચારણા કરવામાં આવે છે. સ્ક્રુટીની કમિટીમાં મંજુર થયા બાદ મ્યુનિ. કમિશનરશ્રીની મંજુરી મળતા ટેન્ડર અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવે છે. જેની મંજુરીની સત્તા નીચે મુજબ છે.

જો ટેન્ડર રકમ રૂા.૧૦,૦૦,૦૦૦/- હોય તો ડે. મ્યુનિ. કમિશનરશ્રી

જો ટેન્ડર રકમ રૂા.૩૦,૦૦,૦૦૦/- હોય તો મ્યુનિ. કમિશનરશ્રી

જો ટેન્ડર રકમ રૂા.૩૦,૦૦,૦૦૦/- થી વધુ હોય તો વોટર સપ્લાય અને સુઅરેજ કમિટી મારફતે સ્ટે.કમિટી.

**કામ દરમ્યાનઃ-**

સાઈટ ઉપર ટેકનીકલ સુપરવાઈઝરની મદદથી આસી. ઈજનેર દ્વારા કામ એકઝીક્યુટ કરાવવામાં આવે છે. જેનું રોજબરોજનું ચેકીંગ આસી. સીટી ઈજનેરશ્રી દ્વારા તેમજ અઠવાડીયામાં અવારનવાર આ કામને ડે. સીટી ઈજનેર શ્રી તથા એડી. ચીફ ઈજનેરશ્રી દ્વારા રીવ્યુ કરવામાં આવે છે. કામને સ્પેશીફીકેશન મુજબ ખાતાના ઈજનેરશ્રીઓની સીધી દેખરેખ હેઠળ કરાવવામાં આવે છે.

**કન્સલ્ટન્ટ :**

કામની પ્રાયોરીટી નકકી થયા બાદ કન્સલ્ટન્ટની માન્ય યાદીમાંથી કન્સલ્ટન્ટ પસંદ કરવામાં આવે છે જેમને જરૂરીયાત મુજબના ડેટા આપવામાં આવે છે. જેના આધારે કન્સલ્ટન્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ ઓલ્ટરનેટીવસ અંગે જરૂરી ચર્ચા વિચારણા એડી.સી.ઈ. શ્રી તથા સીટી ઈજનેર, ડે.મ્યુનિ.કમિશનર તેમજ મ્યુનિસિપલ કમિશનર સાથે કરવામાં આવે છે અને ઓલ્ટરનેટીવસ પૈકી સાદી ઈકોનોમીકલ પ્રપોઝલ ફાઈનલ કરી તે અંગે આગળ કાર્યવાહી કરવા કન્સલ્ટન્ટને જણાવવામાં આવે છે.

**ટેન્ડર/અંદાજઃ**

કન્સલ્ટન્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રપોઝલની દરેક આઈટમના માપ તેમાં લેવામાં આવેલ પ્રવર્તમાન એસ.ઓ.આર./ પ્રવર્તમાન બજારભાવ મુજબનાં ભાવો વગેરેની સુક્ષ્મ ચકાસણી ખાતા દ્વારા કરવામાં આવે છે તેમજ ટેન્ડર તથા તેના સ્પેશીફીકેશન વિ. ની ચકાસણી કર્યા બાદ તે અંગે ટેન્ડર નોટીસ વિગેરે તૈયાર કરવામાં આવે છે.

દરેક ટેન્ડર નોટીસ દૈનિક ગુજરાતી સમાચાર પત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે. સાથે સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પો.ની વેબસાઈટ www.ahmedabadcity.gov.in તથા www.nprocure.com ની વેબસાઈટમાં અપલોડ કરી મુકવામાં આવે છે.

જો ટેન્ડર મોટુ હોય તે નેશનલ લેવલે મેટ્રો સીટી જેવા કે દિલ્હી, ચેન્નાઈ, મુંબઈ અને કલકત્તા જેવા શહેરોનાં અંગ્રેજી દૈનિક પત્રોમાં ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવે છે તેમજ વેબ સાઈટ ઉપર સદર ટેન્ડર નોટીસ અપલોડ કરી મુકવામાં આવે છે.

સદર ટેન્ડર નોટીસમાં ટેન્ડર અંગે તમામ પ્રકારની માહિતીનો સમાવેશ કરવામાં આવે છે. ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ/સમય, પ્રિબીડ મીટીંગની તારીખ/ સમય તથા ટેન્ડર ખોલવાની તારીખ અને સમય સ્પષ્ટ જણાવવામાં આવે છે.ટેન્ડર ટુ બીડ સીસ્ટમથી મંગાવવામાં આવે છે. પ્રથમ પી.કયુ-ટેકનીકલ બીડ સીટી ઈજનેર શ્રી, એડી.ચીફ ઈજનેરશ્રીની અધ્યક્ષતા હેઠળ, કોન્ટ્રાકટરના પ્રતિનિધિઓ,અન્ય અધિકારીશ્રીઓ તથા એ.એમ.(પ.વ.એ.) શ્રીની હાજરીમાં ખોલવામાં આવે છે. જયારે પ્રાઈસ બીડ ખોલ્યા વગર અલગ રાખવામાં આવે છે.

ટેક્નીકલ બીડની ચકાસણી કર્યા બાદ, કન્સલ્ટન્ટ શ્રીનો અભિપ્રાય મેળવીને કવોલીફાઈડ થતાં કોન્ટ્રાકટરોના પ્રાઈસ બીડ ખોલવાની મંજુરી માંગવામાં આવે છે. ખાતા દ્વારા મુકવામાં આવેલ રીપોર્ટ મે. મ્યુનિસિપલ કમિશનર શ્રી તથા ડે.મ્યુનિ કમિશનર શ્રી ની મંજુરી મળતા, કવોલીફાઈડ થયેલ બીડર્સને તેઓને પ્રાઈસ બીડ ખોલવાની તારીખ/સમય/સ્થળ તથા તે સમયે હાજર રહેવા જણાવવામાં આવે છે.

This document was created using SOLID CONVERTER PDF To remove this message, purchase the product at www.SolidDocuments.com

ટેન્ડર નિયત કરેલ તારીખ/સમય/સ્થળે સીટી ઇજનેર શ્રી, એડી.સી.ઇ. શ્રીની અધ્યક્ષતા હેઠળ બીડરોનાં પ્રતિનિધિઓની હાજરીમાં ખોલવામાં આવે છે.આ સમયે એ.એમ.(પ.વ.એ.) શ્રી તથા ખાતાનાં અન્ય અધિ-કારીઓ શ્રી હાજર રહે છે.

કવોલીફાઇડ થયેલ બીડર્સના ટેન્ડર ખોલ્યા બાદ,

(૧) ટેન્ડરમાં ભરેલ ભાવ/રકમ વિગેરે શબ્દો તથા આંકડાની ચકાસણી કરવામાં આવે છે.

(૨) તેના ગુણાકાર તથા ટોટલની ચકાસણી કરવામાં આવે છે.

(૩) અન્ય કોઇ શરત છે કે કેમ ? તે જોવામાં આવે છે.

અન્ય જરૂરી ચકાસણી કર્યા બાદ લોએસ્ટ(સૌથી ઓછા) કોન્ટ્રાકટરનાં ટેન્ડરની/તેના ભાવની તથા શીડયુલ ઓફ રેઇટસ, પ્રવર્તમાન બજારભાવ વિગેરે સાથે સરખામણી કરીને તેની મંજુરી મેળવવાની વહીવટી અનુમતિ મે. મ્યુનિ. કમિશનરશ્રી ની ખાતા દ્વારા મેળવવામાં આવે છે.

સદર મંજુરી મળ્યા બાદ આ ટેન્ડર,ટેન્ડર સ્ક્રુટીની કમિટી સમક્ષ રજુ કરવામાં આવે છે. જયાં પુરેપુરી ચકાસણી /સ્ક્રુટીની થયા બાદ એપ્રુવલ મળ્યેથી મ્યુનિ. કમિશનરશ્રી સમક્ષ મુકવામાં આવે છે. જયાં સદર કામની અનુમતિની દરખાસ્ત તથા મ્યુનિ. કમિશનરશ્રીને દરખાસ્ત રજૂ કરવામાં આવે છે તથા તેમના મારફતે કામ કમિટી સમક્ષ મુકવામાં આવે છે.

કામ જો રૂા. ૩૦,૦૦,૦૦૦/- કરતાં વધુ રકમનું હોય તો આ કામનાં ટેન્ડર વોટર સપ્લાય અને સુઅરેજ કમિટી મારફતે સ્ટેન્ડિંગ કમિટીની મંજુરી તથા અંદાજ વોટર સપ્લાય અને સુઅરેજ કમિટી મારફતે મ્યુ. કોર્પો.ની મંજુરી મેળવવામાં આવે છે.

ઉપરોકત મંજુરી મળ્યેથી મંજુર થયેલ કોન્ટ્રાકટરને LOI તથા વર્ક ઓર્ડર આપવામાં આવે છે તથા ટેન્ડરની રકમના ૫% લેખે રકમની ડીપોઝીટ બેંક ગેરંટીના ફોર્મમાં જમા કરાવી ૧૫ દિવસમાં કરારપત્ર એકઝીકયુટ કરવા જણાવવામાં આવે છે. જે પ્રક્રિયા કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવે છે. કોન્ટ્રાકટર દ્વારા સાઇટ મોબીલાઇઝ કરીને કામ શરૂ કરવામાં આવે છે.

કામની લાઇન આઉટથી લઇને દરેક પ્રકારની ચકાસણી ખાતાના ટેકનીકલ સુપરવાઇઝર તથા આસી. ઈજનેર તેમજ આસી.સીટી ઈજનેર દ્વારા ખૂબ જ ધ્યાન પૂર્વક કરવામાં આવે છે. કન્સલ્ટન્ટ તરફથી કામને સંલગ્ન ડ્રોઈંગ રીલીઝ કરવામાં આવતા તે મુજબ કામ કરાવવામાં આવે છે. જેનું ચેકીંગ (૧૦૦% ) આસી ઈજનેર તથા આસી. સીટી ઈજનેરશ્રી દ્વારા કરવામાં આવે છે અને તમામ કન્સીલ માપ આસી.સીટી ઈજનેર શ્રી દ્વારા કરાયા બાદ કામ કરવાની પરવાનગી આપવામાં આવે છે.

**<u>પેમેન્ટ:</u>**

કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવતા કામના સાઇટ ઉપર ટેકનીકલ સુપરવાઇઝરની મદદ લઇને આસી. ઈજનેરશ્રી દ્વારા માપ લઇ બીલ રેકર્ડ કરવામાં આવે છે. જેમાં આ.ઇ. ના સર્ટીફીકેટ આવ્યા બાદ આ બિલ આસી. સીટી ઈજનેર શ્રી ૧૦૦% ચેકીંગ કરે છે અને સંતોષકારક જણાયા બાદ સહી કરીને ડે. સીટી ઈજનેર સમક્ષ ચેકીંગ માટે રજુ કરાય છે.ડે.સીટી ઈજનેર શ્રી જો રનીંગ બીલ હોય તો બીલ રકમના ૫% રકમનું ચેકીંગ કરી તથા ફાઇનલ બીલ અંગે ૨૦% નું ચેકીંગ કરી સર્ટીફાઇડ કરે છે. તથા કામની ઓવર ઓલ ગુણવત્તાની ચકાસણી પણ કરે છે.આ બીલ એડી.ચીફ ઈજનેર શ્રી સમક્ષ રજુ કરાય છે. અહીં કામનું ઇન્સ્પેકશન કરી કામ સંતોષકારક જણાય તો પેમેન્ટ કરવા રેકમન્ડ કરી તેઓની સહીથી એકાઉન્ટ ખાતે બીલ બનાવવા મોકલવામાં આવે છે તથા બીલ બનાવી સીટી ઈજનેર શ્રી મારફતે પેમેન્ટ માટે મોકલવામાં આવે છે.કામ પુરુ થયા બાદ કામનું ફાઇનલ પેમેન્ટ થયા બાદ ટેન્ડરમાં જણાવ્યા મુજબના સમય સુધી કોન્ટ્રાકટરના સંતોષકારક કોન્ટ્રાકટ પરફોર્મન્સ માટે જમા લેવામાં આવે છે. તે રીલીઝ કરવામાં આવે છે.

This document was created using SOLID CONVERTER PDF To remove this message, purchase the product at www.SolidDocuments.com

તદુપરાંત અમુક કામોમાં પરફોર્મન્સ ગેરંટી તથા ડીફેકટ લાયાબીલીટી ગેરંટી લેવામાં આવે છે. સામાન્ય રીતે વોટર પ્રોડકશન ખાતાના તમામ વોટરવર્કસ તેમજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ના કામો માટે એક થી બે વર્ષની પરફોર્મન્સ ગેરંટી લેવામાં આવે છે. જે એક થી બે વર્ષના સમયગાળા દરમ્યાન કોઈપણ ઓપરેશન મેઈન્ટેનન્સમાં ખામી જણાતાં તે રીપેરીંગ કર્યા બાદ તે પિરિયડના અંતે છુટી કરવામાં આવે છે.

This document was created using SOLID CONVERTER PDF To remove this message, purchase the product at www.SolidDocuments.com

# વોટર વર્કસ, ફ્રેન્ચવેલ

| **સ્થળનું નામ** | **ફોન નંબર (ઓફિસ)** |
|---|---|
| ૧. કોતરપુર વોટર વર્કસ | |
| કોતરપુર ક્લીયર વોટર પંપ હાઉસ | ૯૭૨૬૨૦૬૫૧૭ |
| ૨. દુધેશ્વર વોટર વર્કસ | |
| દુધેશ્વર વોટર વર્કસ- બુસ્ટર ઓફિસ | ૯૭૨૬૪૧૫૫૭૨ |
| ૩. જાસપુર વોટર વર્કસ | - |
| ૪. રાસ્કા ટ્રીટમેન્ટ પ્લાન્ટ | - |

**ફ્રેન્ચવેલ**

| | |
|---|---|
| ૧. કેમ્પ સદર બજાર ફ્રેન્ચવેલ | - |
| ૨. કોતરપુર ફ્રેન્ચવેલ | - |
| ૩. સાબરમતી રેલ્વેબ્રીજ ફ્રેન્ચવેલ | - |
| ૪. અચેર ફ્રેન્ચવેલ | - |
| ૫. ભદ્રેશ્વર ફ્રેન્ચવેલ | - |
| ૬. મોટેરા ફ્રેન્ચવેલ | - |
| ૭. દુધેશ્વર ફ્રેન્ચવેલ | - |



This document was created using SOLID CONVERTER PDF To remove this message, purchase the product at www.SolidDocuments.com

# વોટર પ્રોડકશન ડીપાર્ટમેન્ટ

(૧) વોટર સોર્સ કેપેસીટી

| | હાલના સોર્સની કુલ ક્ષમતા | હાલમાં વપરાશમાં લેવામાં આવતા સોર્સ |
|---|---|---|
| નર્મદા ગ્રેવીટી લાઈન -૧ | ૩૩૦ એમ.એલ.ડી | ૩૫૦ એમ.એલ.ડી |
| નર્મદા ગ્રેવીટી લાઈન - ૨ એ | ૨૫૦ એમ.એલ.ડી | ૨૭૧ એમ.એલ.ડી |
| કોતરપુર (નવો ૨૦૦ એમ.એલ.ડી) નર્મદા ગ્રેવીટી લાઈન - ૨ બી | ૨૫૦ એમ.એલ.ડી | ૨૦૦ એમ.એલ.ડી |
| કોતરપુર ઈન્ટેક-૧ | ૧૬૫ એમ.એલ.ડી | ૦ એમ.એલ.ડી |
| કોતરપુર ઈન્ટેક-૨ | ૩૩૦ એમ.એલ.ડી | ૦ એમ.એલ.ડી |
| જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (નર્મદા મેઈન કેનાલ ધોળકા બ્રાન્ચ) | ૪૦૦ એમ.એલ.ડી | ૩૩૫ એમ.એલ.ડી |
| રાસ્કા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (શેઢી બ્રાન્ચ કેનાલ) | ૨૦૦ એમ.એલ.ડી | ૨૦૦ એમ.એલ.ડી |
| સાત ફ્રેન્ચવેલ | ૧૭૦ એમ.એલ.ડી | ૦ એમ.એલ.ડી |



This document was created using SOLID CONVERTER PDF To remove this message, purchase the product at www.SolidDocuments.com

**<u>એનેક્ષર -એ (પ્રમાણપત્ર)</u>**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે મારી વડી કચેરી તથા મારા વહીવટી કાર્યક્ષેત્રના આ સાથેની યાદી મુજબના વોટર પ્રોડકશન ખાતા દ્વારા માહીતી અધિકાર અધિનિયમની કલમ ૪ (૧) (ખ) અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો(પ્રોએકટીવ ડીસ્કલોઝર) (પીએડી) તૈયાર કરવામાં આવેલ છે અને તા.૦૧/૦૫/૨૦૨૦ ની સ્થિતીએ અધ્યતન કરવામાં આવેલ છે.જે બાબતે કોઇ ક્ષતિ રહેલ નથી  તેમજ કોઇ પણ પ્રકારની વિગતો બાકી રહેલ નથી.

તા.૦૧/૦૫/૨૦૨૦ ની સ્થિતીએ વોટર પ્રોડકશન ખાતાનું પ્રોએકટીવ ડીસ્કલોઝર(પીએડી) નું ઈન્સ્પેકશન-કમ-ઓડીટ બાકી રહેલ નથી.

**તા.**

**એડીશનલ ચીફ એન્જીનીયર**
**(વોટર પ્રોડકશન)**



This document was created using SOLID CONVERTER PDF
To remove this message, purchase the product at www.SolidDocuments.com